Wednesday
05.04.2023
*Volume :7 * Issue No.246
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-


# પ્રધાનમંત્રીએ આપત્તિ સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પમી આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધન કર્યું

"આપત્તિ પ્રત્યેનો આપણો પ્રતિસાદ અલગ નહીં, સંકલિત હોવો જોઈએ"



## "આપત્તિ સ્થિતિસ્થાપકતા પહેલની સફળતા માટે નાણાકીય સંસાધનોની પ્રતિબદ્ધતા ચાવીરૂપ છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો સંદેશ દ્વારા ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ICDRI) 2023 પર પમી આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે CDRI વૈશ્વિક દ્રષ્ટિકોણથી ઉદ્ભવ્યું છે કે નજીકથી જોડાયેલા વિશ્વમાં, આફતોની અસર માત્ર સ્થાનિક રહેશે નહીં. તેથી, "આપણા પ્રતિસાદને અલગ નહીં પણ સંકલિત કરવો જોઈએ",એમ તેમણે કહ્યું. તેમણે નોંધ્યું હતું કે માત્ર થોડા વર્ષોમાં, અદ્યતન અને વિકાસશીલ દેશોમાંથી ૪૦થી વધુ દેશો, મોટા કે નાના અથવા વૈશ્વિક દક્ષિણ અથવા ગ્લોબલ નોર્થ CDRIનો ભાગ બની ગયા છે. તેમને તે પ્રોત્સાહક લાગ્યું કે સરકારો ઉપરાંત વૈશ્વિક સંસ્થાઓ, ખાનગી ક્ષેત્રો અને ડોમેન નિષ્ણાતો પણ સામેલ છે. પ્રધાનમંત્રીએ આ વર્ષની થીમ 'ડિલિવરિંગ રેઝિલિયન્ટ એન્ડ ઈન્ક્લુઝિવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર'ના સંદર્ભમાં ડિઝાસ્ટર રેઝિલિયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેની ચર્ચા માટે કેટલીક પ્રાથમિકતાઓની રૂપરેખા આપી હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે "ઈન્ફ્રાસ્ટ્રક્ચર માત્ર વળતર વિશે જ નથી પરંતુ પહોંચ અને સ્થિતિસ્થાપકતા વિશે પણ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરે કોઈને પાછળ ન રાખવું જોઈએ અને કટોકટીના સમયમાં પણ લોકોની સેવા કરવી જોઈએ. પ્રધાનમંત્રીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સર્વગ્રાહી દ્દષ્ટિકોણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો કારણ કે સામાજિક અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેટલું જ મહત્વપૂર્ણ છે. ઝડપી રાહતની સાથે, પ્રધાનમંત્રીએ સામાન્ય સ્થિતિને વહેલી તકે પુનઃસ્થાપિત કરવા પર પણ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. "એક આપત્તિ અને બીજી આપત્તિ વચ્ચેના સમયમાં સ્થિતિસ્થાપકતા બનાવવામાં આવે છે. ભૂતકાળની આપત્તિઓનો અભ્યાસ કરવો અને તેમાંથી બોધપાઠ શીખવાનો માર્ગ છે", એમ તેમણે ઉમેર્યું. શ્રી મોદીએ આફતોનો સામનો કરી શકે તેવા માળખાકીય સુવિધાઓના નિર્માણ માટે સ્થાનિક જ્ઞાનના બુદ્ધિશાળી ઉપયોગ પર ભાર મૂક્યો હતો. સ્થાનિક આંતરદ્દષ્ટિ સાથેની આધુનિક તકનીક સ્થિતિસ્થાપકતા માટે ઉત્તમ હોઈ શકે છે. વધુમાં, જો સારી રીતે દસ્તાવેજીકરણ કરવામાં આવે તો, સ્થાનિક જ્ઞાન વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથા બની શકે છે, એમ પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું પ્રધાનમંત્રીએ CDRIની કેટલીક પહેલોના સમાવેશી ઉદ્દેશની નોંધ લીધી. તેમણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર રેઝિલિયન્ટ આઈલેન્ડ સ્ટેટ્સ પહેલ અથવા IRISનો ઉલ્લેખ કર્યો છે જે ઘણા ટાપુ દેશોને લાભ આપે છે. તેમણે ગયા વર્ષે જાહેર કરાયેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રેઝિલિયન્સ એક્સિલરેટર ફંડ પર ટિપ્પણી કરી હતી. આ ૫૦ મિલિયન ડોલરના ફંડે વિકાસશીલ રાષ્ટ્રોમાં ભારે રસ પેદા કર્યો છે. "નાણાકીય સંસાધનોની પ્રતિબદ્ધતા એ પહેલોની સફળતા માટે ચાવીરૂપ છે",એમ પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું. ભારતના ૨૨૦ પ્રમુખપદનો ઉલ્લેખ કરતાં, પ્રધાનમંત્રીએ ઘણા કાર્યકારી જૂથોમાં CDRIના સમાવેશ વિશે માહિતી આપી હતી. 'તમે અહીં અન્વેષણ કરો છો તે ઉકેલો વૈશ્વિક નીતિ-નિર્માણના ઉચ્ચ સ્તરે ધ્યાન મેળવશે', એમ તેમણે કહ્યું. તુર્કિયે અને સીરિયામાં ભૂકંપ જેવી તાજેતરની આપત્તિઓના માપદંડ અને તીવ્રતાનો ઉલ્લેખ કરીને, પ્રધાનમંત્રીએ CDRIના કાર્ય અને તેના જરૂરનામહત્વને રેખાંકિત કરીને નિષ્કર્ષ કાઢ્યો.

# પ્રાકૃતિક કૃષિએ ધાર્મિક ભાવ નહી, પરંતુ શુદ્ધ વિજ્ઞાન છે : રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

## આણંદ કૃષિ યુનિવર્સિટીમાં પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક શોધ કાર્યશાળા યોજાઈ




કમલમ્ ન્યુઝ,

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યુંછે કે, જળવાયુ પરિવર્તનના પડકારો સામે ભારત વર્ષની જમીન, નાગરિકોનું આરોગ્ય, પાણી, પર્યાવરણ અને ખેડુતોને પ્રાકૃતિક કૃષિ જ બચાવી શકશે. પ્રાકૃતિક કૃષિએ ધાર્મિક ભાવ નહીં, પરંતુ શુદ્ધ વિજ્ઞાન છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યુ કે, ધરતી માતાને બચાવવા માટે રાસાયણિક પદ્ધતિથી થતી ખેતી છોડવી પડશે. રાસાયણિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ઘટી છે, એટલું જ નહી તેમાંથી ઉત્પન્ન થતા ધાન્યો પણ ઝેરયુક્ત બન્યા છે, જેની નાગરિકોના સ્વાસ્થ્ય ઉપર વ્યાપક અસરો થતાં કેન્સર, હદયરોગ જેવી અસાધ્ય બિમારીઓનું પ્રમાણ સમાજમાં વધ્યું છે. આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી, હાલોલ દ્વારા યોજાયેલ ત્રિદિવસીય પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક શોધ કાર્યશાળાને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સંબોધન કર્યુ હતું. આ કાર્યશાળામાં છેલ્લા ત્રણ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરતા ૬૦૦ જેટલા ખેડૂતો ભાગ લઈ રહ્યા છે. આ અવસરે રાજ્યપાલશ્રીના હસ્તે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું પ્રમાણપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, રાસાયણિક ખેત પદ્ધતિથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનમાં ઘટાડો થાય છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધુ પડતા વપરાશને પરિણામે જમીન બિનઉપજાઊ બની રહી છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં જીવામૃત અને ઘનજીવામૃત દ્વારા જમીનમાં જીવાણું, અળસિયા અને મિત્ર જીવ અસંખ્ય સંખ્યામાં જોવા મળે છે. જેને કારણે જમીનમાં ઓર્ગેનિક કાર્બનમાં વધારો થાય છે અને જમીન ઉપજાઊ અને ફળદ્રુપ બને છે, એવું દ્રષ્ટાંતો સહિત રાજ્યપાલશ્રીએ સમજાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ઉમેર્યુ કે, ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા આગામી એક વર્ષમાં રાજયના તમામ તાલુકાઓમાં દસ ગામ દીઠ એક ક્લસ્ટર બનાવવામાં આવશે. જેમાં આત્માના અધિકારીઓને પણ જોડવામાં આવશે. રાજ્યમાં મોટી સંખ્યામાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્યભરમાં ૧,૪૦૦ જેટલા માસ્ટર ટ્રેઈનર તૈયાર કરવામાં આવશે. જેઓ ગામડાઓમાં જઈને દેશી નસલની ગાય આધારિત પ્રાકૃતિક ખેતી, જીવામૃત, ઘનામૃત બનાવવા અંગે ખેડૂતોને તાલીમબદ્ધ કરશે. તેમણે ઉમેર્યુ કે, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના કૃષિ ઉત્પાદનોને યોગ્ય બજાર મળી રહે તે માટે દસ ગામ દીઠ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવશે. જ્યા ખેડૂતો પોતાના ઉત્પાદનો વેચી શકશે. ગુજરાત આજે તમામ ક્ષેત્રે આગળ વધી દેશને દિશા દર્શન કરી રહ્યું છે, તેમ જણાવતાં રાજ્યપાલશ્રીએ કહ્યું કે, પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાતને સમગ્ર દેશમાં રોલ મોડલ રાજય બનાવવામાં આવશે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે શિરમોર બની દેશના ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટેનું પ્રેરક બનશે એવો વિશ્વાસ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કર્યો હતો. રાજ્યપાલશ્રીએ માનવતા અને જીવ કલ્યાણ માટે આરંભાયેલા પ્રાકૃતિક કૃષિ અભિયાનમાં સૌ ખેડૂતોને આધુનિક ટેકનોલોજીના વિનિયોગ સાથે જોડાઈ ધરતી માતા અને કૃષિપેદાશોને ઝેરમુક્ત બનાવવા હાકલ કરી હતી. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજી ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR) એ પણ પ્રાકૃતિક ખેતી અંગેનો અભ્યાસક્રમ બનાવ્યો છે. જેનો ગુજરાત સહિત દેશની અન્ય કૃષિ યુનિવર્સિટીઓમાં બી.એસ.સી,/એમ.એસ.સી. કોર્ષમાં સમાવેશ કરવામાં આવ્યો છે. હિસ્સાર કૃષિ યુનિવર્સિટીના ડૉ. બલજીત સહારને જણાવ્યું કે, ખેતીમાં વધૂ પડતા રાસાયણિક ખાતરોના વપરાશને કારણે જમીનમાં સુક્ષ્મ જીવાણુઓનું પ્રમાણ ઘટતા ઓર્ગેનિક કાર્બન ઓછો થયો છે, પ્રાકૃતિક કૃષિ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે. પ્રાકૃતિક ખેતીથી જમીનમાં સુક્ષ્મ જીવાણુંઓનું પ્રમાણ વધે છે. એટલું જ નહી ઝડપથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનાં પણ વધારો થાય છે. જમીનમાં સુક્ષ્મ જીવાણુઓની ચાવી રૂપ ભૂમિકા રહેલી છે ત્યારે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સમજી આ જીવાણુંઓનું પાલન પોષણ કરવાનું છે, તેમ તેમણે ઉમેર્યુ હતું. પ્રારંભમાં ગુજરાત પ્રાકૃતિક યુનિવર્સિટીના કુલપતિ ડૉ. સી.કે. ટીંબડીયાએ કાર્યશાળાનો હેતુ સમજાવી સૌનો આવકાર કર્યો હતો. અંતમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.બી.કથિરીયાએ આભાર દર્શન કર્યુ હતું. આ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ ગુજરાતના સંયોજક શ્રી પ્રફુલ સેંજલીયા, કલેકટરશ્રી ડી.એસ. ગઢવી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિલિંદ બાપના, કૃષિ વૈજ્ઞાનિકો અને પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# તાલાલા (ગીર)ની કન્યા સાક્ષરતા નિવાસી શાળાની સૌજન્ય મુલાકાત લેતા મંત્રી શ્રી ડૉ.કુબેરભાઈ ડીંડોર

## વર્ગખંડમાં જ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે મંત્રીશ્રીએ હળવી શૈલીમાં સાધ્યો જ્ઞાનવર્ધક સંવાદ



કમલમ્ ન્યુઝ,

આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી ડૉ.કુબેરભાઈ ડીંડોરે આદિજાતિ વિકાસ વિભાગ રચિત ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી ગાંધીનગર દ્વારા સંચાલિત તાલાલા (ગીર)ની કન્યા સાક્ષરતા નિવાસી શાળાની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ દરમિયાન મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે હળવી શૈલીમાં સંવાદ સાધ્યો હતો અને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું. મંત્રીશ્રીએ શાળાના આચાર્ય શ્રી ડૉ બી.જી.ઘંટિયા તથા સ્ટાફ સાથે મુલાકાત કરી અને શાળાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે પરિચય મેળવ્યો હતો અને શૈક્ષણિક કાર્ય તપાસવાની સાથે જ ભૌતિક સુવિધાના વિકાસ અંગે પણ ચિતાર મેળવ્યો હતો. ઉપરાંત મંત્રીશ્રીએ શાળાના વર્ગખંડોમાં જઈને વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લીધી હતી અને જ્ઞાનવર્ધક સંવાદ સાધ્યો હતો. આ તકે મંત્રીશ્રી સાથે તાલાળાના ધારાસભ્ય શ્રી ભગવાનભાઈ બારડ તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એચ.કે.વાજા તેમજ ડાયેટ પ્રાચાર્ય શ્રી વી.એમ.પંપાણિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

જી-૨૦ દ્વિતીય એનર્જી ટ્રાન્ઝિશન્સ વર્કિંગ ગ્રૂપ (ઈટીડબલ્યુજી) -૨૦૨૩ - ગુજરાતના ગૌરવસમા સૂર્યમંદિરમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ પણ પ્રતિનિધિશ્રીઓ સાથે જોડાયા - જી- ૨૦ના પ્રતિનિધિશ્રીઓ મોઢેરા સૂર્યમંદિરના શિલ્પ સ્થાપત્ય અને કલા તેમજ લાઈટ એન્ડ સાઉન્ડ શો - સાંસ્કૃતિક કાર્યક્રમથી પ્રભાવિત - જી-૨૦ દ્વિતીય એનર્જી ટ્રાન્ઝિશન્સ વર્કિંગ ગ્રૂપ (ઈટીડબલ્યુજી)ના પ્રતિનિધિશ્રીઓએ મોઢેરા સુર્યમંદિર અને સુજાણપુરા સોલાર પાવર ઉત્પાદન અને સંગ્રહ પ્રોજેકટની મુલાકાત લીધી - સૂર્યમંદિરના ખગોળીય અને વૈજ્ઞાનિક તેમજ ધાર્મિક મહત્વથી સૌ અભિભૂત થયા.

# ગરીબો-વંચિતો માટેની યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવા રાજ્ય સરકારના પ્રતિબદ્ધ છે-મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

## સાવલી ખાતે મહેન્દ્રભાઇ જશભાઇ ઇનામદાર ટ્રસ્ટ દ્વારા આયોજિત આઠમાં સર્વ જ્ઞાતીય સમુહલગ્ન સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સહભાગી બન્યા





કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકારની ગરીબો અને વંચિતોના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે એ માટે સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે અને તે માટે રાજ્ય સરકારે ઘણી યોજનાઓમાં લાભો અને સહાયની સંખ્યામાં વૃદ્ધિ પણ કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના આપેલા કાર્યસંકલ્પને આધાર બનાવી રાજ્ય સરકાર લોકહિતના કામો કરી રહી છે. મુખ્યમંત્રી શ્રી પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીના આ કાર્યસંકલ્પમાં રાજયના વિવિધ જનપ્રતિનિધિઓ પણ સહભાગી બન્યા છે અને સરકાર સૌના સાથવારે વિકાસની તરફ આગળ વધી રહી છે. જનપ્રતિનિધિઓ પણ કોઈ પણ પ્રકારના ભેદભાવ વિનાના સેવાકીય કાર્યો કરી જનવિશ્વાસ સંપાદિત કરી રહ્યા છે. સાવલી ખાતે મહેન્દ્રભાઈ જશભાઈ ઈનામદાર ટ્રસ્ટ દ્વારા આયોજિત આઠમાં સર્વ જ્ઞાતીય સમુહલગ્ન સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી બન્યા હતા અને આ સમારોહમાં જોડાયેલા ૭૫૧ નવયુગલોને આશીર્વચન પાઠવ્યા હતા. આ સમુહલગ્ન સમારોહનું સમગ્ર આયોજન ધારાસભ્ય શ્રી કેતનભાઈ ઈનામદાર અને તેમના પરિવાર દ્વારા કરવામાં આવે છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ કે, સમુહલગ્ન સમારોહ સામાજિક સમરસતાનું ઉદાહરણ પૂરૂ પાડે છે. આ સમારોહ માં જ્ઞાતિ, જાતિના ભેદભાવ વિના નાગરિકો સહભાગી બને છે. તેમાંય ખાસ કરીને ગરીબ પરિવારની પોતાના પુત્ર કે પુત્રીના લગ્નની આર્થિક ચિંતા હળવી કરે છે. રાજ્ય સરકાર પણ આવા સમારોહને યથાયોગ્ય પ્રોત્સાહન આપી મદદ કરે છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા સાત ફેરા સમુહલગ્ન, કુંવરબાઈનુંમામેરૂઅનેઆંતરજ્ઞાતીય લગ્નની યોજના દ્વારા સહાય આપવામાં આવે છે. જેના કારણે ગરીબ પરિવારની ચિંતા હળવી થાય છે. આંતરજ્ઞાતીય લગ્નોમાં સહાય ની રકમ રૂ. એક લાખ થીવધારીને રૂ. અઢી લાખ કરવામાં આવી છે. રાજ્ય સરકારે બટાટા અને ડુંગળીના પાકમાં થયેલા નુકસાનમાં સહાય માટે વડોદરા જિલ્લાના ખેડૂતોનો પણ સમાવેશ કરવાનો ઉદ્દાત નિર્ણય લીધો હોવાનીમાહિતી પણમુખ્યમંત્રીશ્રીએ આપી હતી. સાંસદ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા નારીશક્તિના હિતોની રક્ષા કરવામાં આવી રહી છે. રાજ્યમાં મહિલાઓની સુરક્ષા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે સુનિશ્ચિત કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બેટી બચાવો, બેટી પઢાવો અભિયાન થકી દીકરીઓના ભવિષ્યની ચિંતા કરી છે. દીકરી ભગવાનના આશીર્વાદ છે. દીકરી પોતાના પરિવારની નિઃસ્વાર્થ ભાવે સેવા કરે છે. દીકરા અને દીકરી વચ્ચેના ભેદભાવ મિટાવવાની શીખ આપતા શ્રી પાટીલે સામાજિક સમતુલા જાળવી રાખવા માટે દીકરીનું મહાત્મ્ય ભાવાત્મક શબ્દોમાં વર્ણવ્યું હતું અને આ સમુહ લગ્ન સમારોહમાં સહભાગી થનારા નવદંપતિઓને ગર્ભ પરિક્ષણ ના કરાવવા સંકલ્પબદ્ધ થવા આહ્વાન કર્યું હતું. સાવલીના ધારાસભ્ય શ્રી કેતનભાઈ ઈનામદારે કહ્યું કે, મારા પિતાના જન્મદિન નિમિત્તે મને નાગરિકોની સેવાકરવાનીતકમળી છે. સાવલીના લોકોને મને ખૂબ જ સહયોગ, પ્રેમ અને આશીર્વાદ મળ્યા છે, તે મારા માટે મૂડીરૂપ છે. તેમણે આ સમુહલગ્ન પ્રસંગની ટૂંકી ભૂમિકા પણ આપી હતી. આભારવિધિ સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટે કરી હતી. આ વેળાએ કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, મુખ્ય દંડક શ્રી બાળુભાઈ શુકલ, મેયર શ્રી નિલેશભાઈ રાઠોડ, ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ, શ્રી મનિષાબેન વકીલ, શ્રી કેયુરભાઈ રોકડિયા, શ્રી જિતુભાઈ વાઘાણી, શ્રી કૌશિકભાઈ વેકરિયા, શ્રી અર્જુનસિંહ ચૌહાણ, શ્રી ચૈતન્યભાઈ દેસાઈ, અગ્રણી ભાર્ગવભાઈ ભટ્ટ, ડો. વિજયભાઈ શાહ સહિત ઈનામદાર પરિવાર, વરિષ્ઠ અધિકારીઓ, સૌ ઉપસ્થિત રહ્યા હતા.

